**નવી બાબત વર્ષ ૨૦૨૫-૨૬**

અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓ તેમજ સરકારી છાત્રાલયો ખાતે સી.સી.ટી.વી.(CCTV) કેમેરા લગાવવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2024/2825/G
સચિવાલય, ગાંધીનગર
તા.૧૫/૦૪/૨૦૨૫

**વંચાણે લિધા:**

(૧) નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ)કચેરીનો પત્ર ક્રમાંક:અજાક/રેકર્ડ/CCTV/૨૦૨૪-૨૫/૨૨૪-૨૨૪/૧૦૫૫ તા.૨૭/૧૨/૨૦૨૪

(૨) નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ)કચેરીનો પત્ર ક્રમાંક:અજાક/રેકર્ડ/૨૦૨૪-૨૫/૧૩૩૧ તા.૨૦/૦૩/૨૦૨૫

**પ્રસ્તાવના:**

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓના શૈક્ષણિક અને સામાજિક વિકાસ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તક રાજ્યભરમાં ૭૯ સરકારી છાત્રાલયો અને ૨૫ આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે. આ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને સુરક્ષિત, શિસ્તબદ્ધ અને સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવું અત્યંત જરૂરી છે. વંચાણે લિધેલા ક્રમાંક (૧) પરના નિયામક,અનુસુચિત જાતિ કલ્યાણ કચેરીના તા.૨૭/૧૨/૨૦૨૪ના પત્રથી સદર સંસ્થાઓ ખાતે અભ્યાસરત વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને સુરક્ષિત ભવિષ્ય આપવા, તેઓના વાલીઓના વિશ્વાસ વધારવા , પૂરાવાની ઉપલબ્ધતા વધારવા માટે તેમજ વહીવટીય સંકલન સુધારવાના ઉમદ્દા હેતુથી અનુસૂચિત જાતિની એક આદર્શ નિવાસી શાળામાં અંદાજીત ૨૫ તેમજ એક સરકારી છાત્રાલયમાં અંદાજીત ૧૫ CCTV કેમેરા લગાવવા માટેની નવી બાબતનો વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ. જે નવી બાબતનો વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સમાવેશ થયેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીના તા.૨૦/૦૩/૨૦૨૫ના પત્રથી સદર સંસ્થાઓ ખાતે CCTV કેમેરા લગાવવા માટે ૩.૧૪.૧૩ કરોડના ખર્ચની વહીવટી મંજૂરી માટે દરખાસ્ત કરેલ છે, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓ(કુમાર અને કન્યા) ખાતે શાળા દીઠ ૨૫ CCTV કેમેરા લગાવવા તેમજ સરકારી છાત્રાલયો(કુમાર અને

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 15-Apr-2025 (04:52 PM)

કન્યા) ખાતે છાત્રાલય દીઠ ૧૫ CCTV કેમેરા લગાવવા માટેના રૂ.૧૪.૧૩ કરોડના અંદાજોને મંજૂર રાખીને રૂ.૧૪.૧૩ કરોડની વહીવટી મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

1. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
2. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
3. લેપટોપ ખરીદી અંગે સાયન્સ અને ટેકનોલોજી વિભાગના તા.૦૮/૦૮/૨૦૧૬ના પરિપત્રમાં જણાવેલ જોગવાઇ મુજબ અધિકારીશ્રીઓને લેપટોપ મળવાપાત્ર હોય તો તે મુજબની ખરીદી કરવાની રહેશે.
4. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ–માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
5. આઇ.ટી. હાર્ડવેર ખરેખર મળવાપાત્ર અધિકારી/ કર્મચારીની ભરાયેલ જગ્યા પુરતુ જ મેળવવાનું રહેશે. તેથી વધુ સાધનો વસાવવામાં આવશે અને તે બિન ઉપયોગી રહેશે તો તેની જવાબદારી નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીની થશે.
6. નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્ય સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઇ શકે.
7. ખરીદીના વિકલ્પે Rental Model, PPP ધોરણે કે Outsourcing થી Operation and Maintenance, કે અન્ય Hybrid model થી કામગીરી લઇ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે. (વિકલ્પ લાગુ પડતો હોય ત્યા શરત સામેલ કરવી)
8. ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરાવાની રહેશે નહી.
9. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે હાર્ડવેર Operation and maintenance માટે Manpower ની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતાં તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.
10. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.
11. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.
12. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
13. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોય તો કેન્દ્ર સરકાર તરફથી આવું અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 15-Apr-2025 (04:52 PM)

14. જો કોઈ કેંદ્રીય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળ્યેથી જ ખરીદી કરવાની રહેશે.

15. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

16. પ્રસ્તુત કામ માટે જરૂર જણાયે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

17. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

18. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

19. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

20. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

21. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં – ૯૫, મુખ્ય સદર – ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓનું કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઈ, પેટા મુખ્ય સદર – ૦૧, અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર – ૮૦૦ અન્ય ખર્ચ, પેટા સદર – ૦૨ , SCW-25 બધી કક્ષાઓએ વહીવટીતંત્રને સંગીન બનાવવું હેઠળ કરવામાં આવેલ જોગવાઈમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર અગ્રસચિવશ્રી, નાણાવિભાગની તા.૦૫/૦૪/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 15-Apr-2025 (04:52 PM)

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રીઓ(અ.જા.) (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૫

eSign

Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 15-Apr-2025 (04:52 PM)